**“ખાડા નગરી” ના આક્ષેપો વચ્ચે ચેરમેન શિતલ મિસ્ત્રીએ સોનેરી સપના બતાવ્યા !**

# 2047ના વિઝન સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવાનો દાવો

## સ્થાયી સમિતિની અંતિમ બેઠકમાં નવી લાઈબ્રેરી, હેલ્થ સેન્ટર અને વરસાદી ગટરના કામોને VMCની મંજૂરી

(પ્રતિનિધિ) વડોદરા તા.6 વડોદરા મહાનગરપાલિકાની વર્તમાન ટર્મની છેલ્લી સ્થાયી સમિતિની બેઠક આજે ભારે ચર્ચા અને નિર્ણયો સાથે સંપન્ન થઈ હતી. આગામી 10 માર્ચ 2026 ના રોજ વર્તમાન બોર્ડની મુદત પૂર્ણ થઈ રહી છે, તે પૂર્વે મળેલી આ અંતિમ બેઠકમાં શહેરના વિવિધ વિકાસલક્ષી કામો માટે કરોડો રૂપિયાના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. બેઠક પૂર્વે પાલિકાના રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો હતો કારણ કે કમિશનર દ્વારા માત્ર એક જ દિવસમાં 51 જેટલી દરખાસ્તો મોકલવામાં આવી હતી. ભાજપ સંકલન સમિતિએ અગાઉ જ આ કામોને



### એજન્ડા પરના મુખ્ય કામો અને નિર્ણયો

સ્થાયી સમિતિના ચેરમેન શીતલ મિસ્ત્રીએ બેઠક બાદ માહિતી આપતા જણાવ્યું હતું કે, આજની બેઠકમાં કુલ 55 જેટલા કામો એજન્ડા પર લેવામાં આવ્યા હતા. જેમાં મુખ્યત્વે:

**ડ્રેનેજ અને વરસાદી ગટર:** પશ્ચિમ ઝોનના વોર્ડ નંબર ૯ માં વરસાદી ગટરના 5 મહત્વના કામોને મંજૂરી અપાઈ છે.

**નવીન સુવિધાઓ:** ફતેપુરા ખાતે 1.31 કરોડના ખર્ચે નવીન અર્બન હેલ્થ સેન્ટર અને દિવાળીપુરા ખાતે 3.89 કરોડના ખર્ચે આધુનિક લાઈબ્રેરી બનાવવાની દરખાસ્તને મહોર મારવામાં આવી છે.

**નાણાકીય મર્યાદામાં વધારો:** પાણી અને ગટરના જૂના કામોમાં ટેન્ડરિંગ પ્રક્રિયામાં વિલંબ ન થાય તે માટે નાણાકીય મર્યાદા અને સમય મર્યાદામાં પણ વધારો કરવામાં આવ્યો છે.

લીલી ઝંડી આપી દીધી હતી. બીજી તરફ, કોંગ્રેસ દ્વારા ભ્રષ્ટાચાર અને શહેરની બિસ્માર હાલતને લઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિરોધ પક્ષના ‘ખાડા નગરી’ અને ભ્રષ્ટાચારના આક્ષેપોનો જવાબ આપતા ચેરમેને જણાવ્યું હતું કે, છેલ્લા અઢી વર્ષમાં 6500 કરોડના કામો મંજૂર થયા છે. તેમણે સ્વીકાર્યું હતું કે હાલમાં ડ્રેનેજ અને પાણીની લાઈનોના ટ્રેન્ચિંગ વર્કને કારણે નાગરિકોને હાલાકી પડી રહી છે, પરંતુ આ લાંબા ગાળાના આયોજનનો ભાગ છે.

તેમણે ખાતરી આપી હતી કે આગામી 3-4 મહિનામાં તમામ કામો સેફ સ્ટેજ પર આવી જશે અને વડોદરા ક્લાઈમેટ રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતું શહેર બનશે. વડોદરા મહાનગરપાલિકાનું આ બોર્ડ 10 માર્ચ 2026 ના રોજ તેની પાંચ વર્ષની મુદત પૂર્ણ કરશે, તે પહેલાં આ છેલ્લી બેઠક શહેરના માળખાગત વિકાસ માટે નિર્ણાયક સાબિત થઈ છે.

**76-બી ની નોટિસ મુદ્દે રાજકારણ ગરમાયું**

# સાવલી-ડેસર ઝોન બિનહરીફ, ‘કેતન ફાર્મ’ ખાતે વિજેતાઓનો જમાવડો

વડોદરા: બરોડા ડેરીની આગામી ચૂંટણીને લઈને સહકારી રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. સાવલી ઝોન-5 અને ડેસર ઝોન-6 માં ભારતીય જનતા પાર્ટીના મેન્ડેટ પ્રાપ્ત ઉમેદવારો બિનહરીફ જાહેર થવાની તૈયારીમાં છે. આ જીત બાદ વિજેતા ઉમેદવારોએ સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારના નિવાસસ્થાન ‘કેતન ફાર્મ’ ખાતે પહોંચી તેમની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને પક્ષનો આભાર વ્યક્ત કર્યો હતો. સાવલી ઝોન-5 માંથી રામસિંહજી વાઘેલા અને ડેસર ઝોન-6 માંથી સુરપાલસિંહ પરમાર (બાલનાપુરા દૂધ મંડળીના પ્રમુખ) ભાજપના ઉમેદવાર તરીકે મેદાનમાં હતા. ડેસર ઝોનમાં અન્ય ફોર્મ પરત ખેંચાતા અને સાવલીમાં પણ હરીફ ઉમેદવાર પ્રવીણસિંહે પક્ષની સૂચના મુજબ ફોર્મ પાછું ખેંચી લેતા બંને ઉમેદવારોનો વિજય નક્કી થયો છે.

### ડેરી મેનેજમેન્ટને મળેલી 76-બીની નોટિસ અંગે પ્રતિક્રિયા

આ પ્રસંગે ધારાસભ્યએ બરોડા ડેરીના વર્તમાન વહીવટમાં જોવા મળેલી ક્ષતિઓ અને સહકાર વિભાગ દ્વારા પાઠવવામાં આવેલી ‘76-બી’ ની નોટિસ અંગે પણ આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું કે ઓડિટ દરમિયાન ઈ-ટેન્ડરિંગમાં બેદરકારી, દૂધ ઉત્પાદનમાં ઘટાડો અને પશુદાણના પ્લાન્ટની ઓછી કાર્યક્ષમતા (માત્ર 24-34%) જેવી ગંભીર ક્ષતિઓ બહાર આવી છે.કેન્દ્રીય સહકાર મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકારી સંસ્થાઓમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ ચલાવી લેવામાં આવશે નહીં. ડેરીના પ્રમુખ, ઉપપ્રમુખ અને MD એ 13મી તારીખે આ મામલે ખુલાસો આપવાનો છે. જો ખુલાસો સંતોષકારક નહીં હોય, તો ગંભીર પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે.

જોકે, સત્તાવાર જાહેરાત ફોર્મ ખેંચવાની મુદત પૂર્ણ થયા બાદ કરવામાં આવશે. શુભેચ્છા મુલાકાત દરમિયાન ધારાસભ્ય કેતન ઈનામદારે વિજેતા ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે, “હાર પહેરવાથી કે ચૂંટણી જીતવાથી ખરો વિજય થતો નથી. બરોડા ડેરી લાખો પશુપાલકોની આજીવિકાનું કેન્દ્ર છે. સભાસદોએ તમારા પર જે વિશ્વાસ મૂક્યો છે, તેને પરિપૂર્ણ કરવા માટે પશુપાલકોના હિતમાં નિર્ણયો લેવા જોઈએ અને સંસ્થાને મજબૂત કરવી જોઈએ.” આ મુલાકાત સમયે સાવલી અને ડેસર તાલુકાની વિવિધ દૂધ મંડળીઓના પ્રમુખો, મંત્રીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્યએ અન્ય ઝોનમાં પણ ચૂંટણી લડતા ઉમેદવારોને પશુપાલકોના હિતમાં કાર્ય કરવાની અપીલ કરી હતી.

**જયરત્ન બિલ્ડિંગ ચાર રસ્તા પાસે મોડી રાત્રે અજાણ્યા શખ્સો ત્રાટક્યા**

# નવાપુરાના ઐતિહાસિક બોલાઈ માતા મંદિરમાં ચોરીનો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા તા.6 સંસ્કારી નગરી વડોદરાના નવાપુરા વિસ્તારમાં આવેલ વર્ષો જૂના અને ઐતિહાસિક બોલાઈ માતાના મંદિરમાં ગત મોડી રાત્રે ચોરીનો નિષ્ફળ પ્રયાસ થતા સમગ્ર પંથકમાં ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. જયરત્ન બિલ્ડિંગ ચાર રસ્તા જેવા વ્યસ્ત વિસ્તારમાં તસ્કરોએ મંદિરના તાળા તોડી અંદર પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સદનસીબે જાગૃત નાગરિકોની અવરજવરને કારણે મોટી ચોરી ટળી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, નવાપુરા વિસ્તારમાં જયરત્ન બિલ્ડિંગ ચાર રસ્તા પાસે આવેલું બોલાઈ માતાનું મંદિર શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર છે. ગત મોડી રાત્રે અંધારાનો લાભ લઈ કેટલાક અજાણ્યા શખ્સો ચોરીના ઈરાદે મંદિરના પરિસરમાં ઘૂસ્યા હતા. તસ્કરોએ મંદિરના મુખ્ય દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશવા મથામણ કરી હતી. જોકે, આ દરમિયાન રસ્તા પર લોકોની અવરજવર અને હલચલ વધી જતા તસ્કરો પકડાઈ જવાની બીકે ચોરી કર્યા વગર જ ત્યાંથી નાસી છૂટ્યા હતા. આ ઘટનાની જાણ વહેલી સવારે થઈ જ્યારે મંદિરના પૂજારી હંમેશ મુજબ મંદિરે આરતી અને પૂજા માટે પહોંચ્યા હતા. દરવાજાના તાળા તૂટેલી હાલતમાં જોઈ




તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. મંદિરમાં તોડફોડ અને ચોરીના પ્રયાસની શંકા જતાં તેમણે તુરંત જ સ્થાનિક પોલીસ અને મંદિર ટ્રસ્ટના સભ્યોને જાણ કરી હતી. પૂજારીના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં અગાઉ પણ નાની-મોટી ચોરીની ઘટનાઓ અને પ્રયાસો થઈ ચૂક્યા છે, જે સુરક્ષા વ્યવસ્થા સામે પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા કરે છે. હાલમાંપોલીસેઅજાણ્યાશખ્સોવિરુદ્ધગુનોનોંધવાનીતજવીજ હાથ ધરી છે અને શંકાસ્પદ લોકોની પૂછપરછ શરૂ કરી છે.

**જરોદથી રવાલ તરફ કેનાલા પાસેથી દબોચ્યો**

# જિનાલય અને મંદિરમાં ચોરી કરનાર ઝડપાયો

(પ્રતિનિધિ) પાદરા તા.6 વડોદરા જિલ્લાના ભણિયારા ગામના જૈન મંદિર તથા વાઘોડિયા જીઆઈડીસીમાંઆવેલા અંબે માતાના મંદિરને ટાર્ગેટ બનાવીને પ્રતિમા પર ચઢાવાયેલા વિવિધ આભૂષણો સહિતના મતાની ચોરી કરનાર આરોપી વડોદરા ગ્રામ્ય એલસીબીની ટીમે ઝડપી પાડ્યો છે. તેની પાસેથી માતાજી આભૂષણો અને રોકડ રકમ સહિત રૂપિયા 32 હજારનો મુદ્દામાલ કબજે કરાયો છે. વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ગોલ્ડન ચોકડી પાસેના ભણિયાર ગામે જૈન મંદિર તથા વાઘોડિયા જીઆઈડીસી આવેલા માતાજીના મંદિરને તસ્કરોએ મોડી રાત્રીના સમયે નિશાન બનાવ્યાં હતા. મંદિરના તાળા તોડી તસ્કરો અંદર પ્રવેશ્યાં હતા અને માતાની પ્રતિમા પર ચઢાવાલે આભૂષણો સહિત લાખોની મતાની ચોરી કરી ફરાર થઇ ગયાં હતા. જેથી ગ્રામ્ય એલસીબીની ટીમ દ્વારા



મંદિરોને ટાર્ગેટ કરનાર તસ્કરોનું પગેરુ મેળવવા માટે ટેકનિકલ તથા હ્યુમન સોર્સિસના આધારે તપાસ શરૂ કરી હતી. ત્યારે એલસીબીની બાતમી મળી હતી કે ભણીયારા જૈન મંદિર તથા વાઘોડિયા જીઆઈસીડીસીમાં દાહોદના ચિલકોટા ગામના કલ્પેશ બદિયા ભાભોર તેના ગામના અન્ય સાગરીતો સાથે મળીને ચોરી કરી હતી. આ આરોપી ચોરીનો મુદ્દામાલ વેચવા માટે જરોદથી રવાલવાળા રોડ પર નર્મદા માઈનોર કેનાલ પાસે આવવાનો છે. જેથી એલસીબીએ ત્યાં વોચ ગોટવી આરોપી કલ્પેશ બદિયા ભાભોરને ઝડપી પાડ્યો હતો.

**સાવલીના ધારાસભ્યએ બરોડા ડેરીમાં પરિવારવાદ અને ગેરરીતિ સામે લાલ આંખ કરી**

# કેતન ઈનામદારની ‘નો રિપીટ’ થીયરી: MLA પદ છોડવાની જાહેરાતથી રાજકારણ ગરમાયું

(પ્રતિનિધિ) પાદરા તા.6 સાવલી વિધાનસભા બેઠક પરથી સતત ત્રણ ટર્મથી ચૂંટાતા ધારાસભ્ય કેતન ઈનામદારે રાજકીય વર્તુળોમાં ગરમાવો લાવી દે તેવી જાહેરાત કરી છે. એક જાહેર બેઠકમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓ આગામી 2027ની વિધાનસભા ચૂંટણી લડવાના નથી. આ જાહેરાતની સાથે જ તેમણે બરોડા ડેરીના વહીવટ અને વર્તમાન સભ્યો પર પણ આકરા પ્રહાર કર્યા હતા. કેતન ઈનામદારે જાહેર બેઠકમાં જણાવ્યું હતું કે, “મેં વર્ષ 2022માં જ નક્કી કર્યું હતું કે હું 2027ની ચૂંટણી લડવાનો નથી. મારો હેતુ યુવા નેતૃત્વને આગળ લાવવાનો છે. ધારાસભ્ય પદ હોવું કે ન હોવું તેનાથી સેવામાં કોઈ ફરક પડતો નથી, લોકોના હૃદયમાં રહેવું વધુ મહત્વનું છે.” તેમણે ઉમેર્યું કે તેઓ જીવનભર ભારતીય



જનતા પાર્ટી સાથે જોડાયેલા રહેશે અને પ્રજાની સેવા કરતા રહેશે, પરંતુ હવે નવા લોહીને તક મળવી જોઈએ. ધારાસભ્યએ બરોડા ડેરીમાં ચાલી રહેલી ગેરરીતિઓ અને સહકાર વિભાગ દ્વારા આપવામાં આવેલી ‘76-બી’ની નોટિસ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ડેરીના ડિરેક્ટરો પર કટાક્ષ કરતા કહ્યું કે, “17-17 વર્ષ સુધી ડિરેક્ટર રહ્યા પછી પણ હજુ પેટ નથી ભરાયું?

હવે અન્ય લોકોને તક આપવી જોઈએ.” તેમણે ઈ-ટેન્ડરિંગ ન કરવા અને પશુ આહાર પ્લાન્ટમાં ઓછું ઉત્પાદન થવા જેવા મુદ્દે વહીવટકર્તાઓ પાસે જવાબ માંગ્યો છે.

**બિલ્ડર સામે ફરિયાદ દાખલ કરવા રૂ.5 લાખની લાંચની માગણી કરી હતી**

# PIના નામે લાંચ માંગનાર આરોપીની જામીન અરજી રદ

(પ્રતિનિધિ) વડોદરા તા.6 વારસીયા વિસ્તારમાં બાંધકામ કરવાર બિલ્ડર સામે ગુનો દાખલ કરવા માટે પીઆઇ નામે રૂપિયા 5 લાખ્ની લાંચ માંગી રૂ.2.50 લાખ સ્વીકારતા આરોપીને એસીબીએ ઝડપી પાડ્યો હતો. ત્યારે આરોપી જેલમાં હોય ત્યારે જામીન પર મુક્ત થવા માટે રેગ્લુયર જામીન અરજી કરી હતી. જે મેજિસ્ટ્રેટ દ્વારા નામંજૂર કરાઈ છે. વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં બિલ્ડર દ્વારા બાંધકામ કરાયું હતું. બિલ્ડર વિરુદ્ધ વારસીયા સ્ટેશનમાં અરજી કરવામાં આવી હતી. ત્યારે અરજીના આધારે ફરિયાદ દાખલ કરવા માટે સુરેશ તોલાણીએ વારસીયા પોલીસ સ્ટેશનના તત્કાલીન પીઆઈ વસાવાના નામથી અરજદાર પાસે રૂપિયા 5 લાખની લાંચની માગણી કરી હતી. જેમાંથી પહેલા રૂપિયા 2.50 લાખ તથા બાકીના રૂપિયા 2.50 લાખ ફરિયાદ દાખલ થયા બાદ આપવાના તેવુ નક્કી કર્યું હતું. પરંતુ અરજદાર લાંચના રૂપિયા આપવા માંગતો ન હોય જેથી એસીબીનો સંપર્ક કર્યો હતો. લાંચની રકમ સ્વીકારતી વેળા જ એસીબીએ છટકુ ગોટવીને આરોપી સુરેશ તોલાણીને ઝડપી પાડ્યો હતો. એસીબી દ્વારા આરોપીની વધૂ પૂછપરછ કરવા માટે કોર્ટમાં રજૂ કરીને તેના રિમાન્ડ પણ મેળવવામાં આવ્યાં હતા. ત્યારે રિમાન્ડ પુરા થયા બાદ આરોપી સુરેશ તોલાણીને જેલ હવાલે કરાયો હતો. ત્યારે આરોપીએ જેલમાંથી મુક્ત થવા માટે વકીલ દ્વારા રેગ્યુલર જામીન અરજી કરાવી હતી. પરંતુ મોબિન અબ્દુલરશીદ ટેલર સ્પેશિયલ જજ (એસીબી કેસીસ) વડોદરા દ્વારા આરોપી તથા સરકારી વકીલની દલીલોને ધ્યાનમાં રાખીને આરોપીને રેગ્યુલર જામીન અરજી રદ કરવા માટેનો હુકમ કરવામાં આવ્યો છે.

**15 મોબાઇલ અને 11 હજાર રૂપિયા રોકડા મળી આવ્યા**

# ગાજરાવાડી વિસ્તારમાંથી જુગારધામ ઝડપાયું, 15 ખેલીની ધરપકડ, રૂા.1.09 લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.6 વડોદરા શહેરમાં વાડી વિસ્તારમાં સૂર્યનગરની ગલીમાં ચાલતા જુગાર પર પોલીસ દ્વારા રેડ કરાઈ હતી. પોલીસને જોઈ જુગારીઓમા દોડધામ મચી ગઈ હતી. ત્યારે સ્થળ ઉપરથી 15 જેટલા ખેલી ઝડપાઈ ગયા હતા. પોલીસે જુગારીઓ ની અંગ જડતી કરતા 15 મોબાઈલ અને રોકડ રકમ મળી રૂપિયા 1.09 લાખનો મુદ્દામાલ કબજે કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પાણી ગેટ વિસ્તારમાં અલગ અલગ જગ્યા પર દારૂ અને જુગારના અડ્ડા ધમધમી રહ્યા છે. ત્યારે આ પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં ફરી રહ્યા હતાં. તે દરમ્યાન બાતમી મળી હતી કે ગાજરાવાડી સુર્યાનગરની ગલીમાં સાંઇનગરમાં આવેલ શ્યામભાઇ




સરોજના મકાનના પહેલા માળે કેટલાક ઇસમો જુગાર રમે છે. જેનાં આધારે બાતમી વાળી જગ્યાએ પોલીસે રેઈડ કરી હતી. ત્યારે મકાનની બહાર ઓરડીના આગળના ભાગે ખુલ્લી ગેલેરીમાં જુગાર રમતા જુગારીઓમા દોડધામ ના દ્રશ્યો સર્જાયા છે. જેમાં સ્થળ પરથી 15 ખેલી ઝડપાઇ ગયા હતાં. પોલીસ દ્વારા જુગારીઓની અંગજડતી કરતા ત્યારે તેમની પાસેથી 15 મોબાઈલ અને રોકડા રૂપિયા 11 હજાર મળી રૂપિયા 1.09 લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.ઝડપાયેલા જુગારીઓ નામ (1) ત્રિભુવન લાલચંદ્ર સરોજ (2) વિનોદ મખનલાલ સરોજ (3) રોહિત રામરાજ બિંદ (4) વિરેન્દુ લહુટી (5) વિનોદ સુર્યભાન બિંદ (6) શિવમ દિનેશ સરોજ (7) શિવરાજ ધર્મરાજ બિંદ(8) અમરબહાદુર અમરેશ બિંદ (9) સંતોષકુમાર શિવરામ બિંદ (10) નિલેશ અભેરાજ ગુપ્તા(11) સુરજ કિશુનચંદ્ર સરોજ (12) વિશાલ જનાર્દન સરોજ (13) વિજય શિવકુમાર સરોજ(14) અજયભાઈ માનીકચંદ સરોજ (15) રાહુલ રાજેન્દ્રપ્રસાદ બિંદનો સમાવેશ થાય છે.

**પીકઅપનો ચાલક પોતાનું વાહન સ્થળ પર મૂકી ફરાર**

# મુંબઈ-દિલ્લી એક્સપ્રેસ હાઈવે પર કાર-પિકઅપ અથડાતા એકનું મોત

(પ્રતિનિધિ) પાદરા તા.6 પાદરા તાલુકા નજીક મુંબઈ-દિલ્લી એક્સપ્રેસ હાઈવે પર થયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે બે લોકોને ઈજા પહોંચી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં અકસ્માત ગુનો નોંધાઈ કાર્યવાહી કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પાદરા ના સોખડાખુર્દ ગામ નજીક મુંબઈ-દિલ્લી એક્સપ્રેસ હાઈવે પર અકસ્માત સર્જાયો હતો. જેમાં સફેદ રંગની મહિન્દ્રા પીકઅપ ગાડીના ચાલકે ગફલતભરી અને બેદરકારીપૂર્વક વાહન હંકારતા સામે આવી રહેલી ટાટા હેક્સા કાર સાથે અક્સમાત સર્જાયો હતો અથડામણ એટલી જોરદાર હતી કે કાર ડિવાઈડર સાથે અથડાઈ ગઈ હતી. અકસ્માતમાં હિતેષભાઈ જીવરાજભાઈ રફાળીયા (ઉ.વ.૩૯), મૂળ મોટી પીંડાકાઈ ગામ, તા. વિસાવદર, જી. જૂનાગઢ અને હાલ અંકલેશ્વરને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.

જ્યારે કલ્પેશભાઈ જીવરાજભાઈ રફાળીયા (ઉ.વ.૪૧) તેમજ હેતલ ઉર્ફે સોનલબેનને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જ્યા બાદ પીકઅપનો ચાલક પોતાનું વાહન સ્થળ પર મૂકી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળેલ છે.

આ બનાવ અંગે કલ્પેશભાઈ જીવરાજભાઈ રફાળીયાની ફરિયાદના આધારે પાદરા પોલીસ એ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ફરાર પીકઅપ ચાલક ને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

**હાશકારો** બોર્ડની પરીક્ષામાં ધોરણ 10-12ના પેપરોમાં પાઠ્યપુસ્તક આધારિત પ્રશ્નો પુછાયા

# પેપરો સરળ નીકળતા વિદ્યાર્થીઓ મોજમાં

**સેક્શન Cમાં** કેલ્ક્યુલેશન પાર્ટમાં વિદ્યાર્થીઓને ગણતરી કરવામાં સમય લાગ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.6 ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓમાં રજાઓની ભરમાર થતા વિદ્યાર્થીઓને અઘરા વિષયોમાં તૈયારી માટે પૂરતો સમય મળી રહ્યો છે. શુક્રવારે ધોરણ 10 અને 12 બંનેમાં પેપર સરળ અને પાઠ્યપુસ્તક આધારિત રહેતા વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી જોવા મળી હતી. ગુજરાત બોર્ડની ધોરણ 10ની પરીક્ષામાં બેઝિક ગણિતનું પેપર વધારે ધારણા કરતા ખૂબ સરળ નીકળ્યું હતું. વિદ્યાર્થીઓને પણ પ્રશ્નો સહેલા લાગ્યા હતા. ટેકસબુકમાંથી જ સીધે સીધા પ્રશ્નો પુછવામાં આવ્યા હોવાથી સારી રીતે આવડે એવું હતું. એજ્યુકેશન એક્સપર્ટ નિરવ જોષીના એનાલિસિસ મુજબ કેમેસ્ટ્રીમાં પહેલો જ સેક્સન A માં જોડકા જોડવામાં સરફેસ એરીયા તથા વોલ્યુમ તથા એરીયા રીલેટેડ ટુ સર્કલના ડાયરેક્ટ સરળ ફોર્મ્યુલા 4 માર્કસમાં પુછવામાં આવ્યા હતા. આખા સેક્શન A ની વાત કરીએ તો 24 માર્કસના આ સેક્સનમાં બધા પ્રશ્નો ખુબ જ સરળ હતા. જ્યારે સેક્શન B ની વાત કરીએ તો ટેકસબુકની એક્સરસાઇઝમાથી સીધેસીધા જ પુછવામાં આવ્યા હતા અને આ પેપરમા સેક્શન C કેલ્ક્યુલેશન પાર્ટ પુછવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓને ગણતરી કરવામાં સમય લાગ્યો હશે અને જે સિમ્પલીફીકેશન સારી રીતે કરી શકતા હશે. એમને આ પેપર ખુબ જ સરળ લાગ્યું હશે. એટલે જેને ગણતરીમાં તકલીફ પડતી હશે તેમને આ સેક્સનમાં સમય વધારે લાગ્યો હશે. સેકશન D મા 4 માર્કસમાં

### આંકડાશાસ્ત્ર અને સંભાવનાના પ્રશ્નો વધુ પૂછાયા

વિભાગ A ના MCQ ખૂબ જ સહેલા હતા, તે લખવાની બાળકોને ખૂબ મજા આવી. વિભાગ Bમાં સૌથી સહેલા પ્રશ્નો પુછાયા. જે બહુપદી અને સમાંતર શ્રેણીના ચેપ્ટરોને લગતા હતા. પ્રશ્નપત્રમાં આંકડાશાસ્ત્ર અને સંભાવનાના પ્રશ્નો વધુ પૂછાતા વિદ્યાર્થીઓને લખવામાં ઘણી જ સરળતા રહી. સમપ્રમાણતા (થેલ્સ) નો પ્રમેય, વર્તુળનો પ્રમેય પૂછાતા વિદ્યાર્થીઓ ખુબજ આસાનીથી લખી શક્યા. સમય મર્યાદા પહેલા જ વિદ્યાર્થીઓએ ગણિતનું પેપર પૂરું કર્યું. રજાઓનો સમય વધુ મળતા વિદ્યાર્થીઓએ તેનો પૂરેપૂરો લાભ ઉઠાવી શક્યા.

**રવિ વઢવાણા,**એજ્યુકેશન એક્સપર્ટ

બેઝિક પ્રપોશનાલીટી થીયરમ પ્રુફ સાથે પુછવામાં આવ્યું અને આની સાથે સેકસન D માં સ્ટેટેસ્ટીક અને પ્રોબેબલીટીના ખુબ જ સરળ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. એકંદરે પેપર ખુબ જ સરળ તથા બાકીના પ્રશ્નો સીધા ટેકસબુક આધારીત હતા. જેથી વિદ્યાર્થીને પણ આમાં કોઈ તકલીફ પડી નથી. જે વિદ્યાર્થીએ સારી રીતે તૈયારી કરી હશે તેને આ પેપર ખુબ જ સરળ લાગ્યું હતું. જ્યારે જે વિદ્યાર્થીઓની તૈયારી ઓછી રહી તેને આ પેપર થોડું મોડરેટ લાગ્યું હશે. ઓવર ઓલ પેપર ખુબ જ સરળ હતું. ધો.10 અને 12 સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના પેપર સરળ નીકળતા પરીક્ષામાં સારો સ્કોર કરી શકશે તેવી આશા વિદ્યાર્થીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

**વડોદરાના આજવા રોડ પર આવેલી રોયલ સ્કૂલમાં કલંકિત ઘટના ઘટી**

# ધો.8ની વિદ્યાર્થિનીની છેડતી કરનાર ‘લંપટ વાલી’ને જનતાએ જાહેરમાં ચખાડ્યો મેથીપાક

**અન્ય વિદ્યાર્થીના** પિતાએ જ માસૂમ બાળકી પર બગાડી નજર, એક અઠવાડિયાથી પીછો કરતો હોવાનો વિદ્યાર્થિનીનો ગંભીર આક્ષેપ

(પ્રતિનિધિ), વડોદરા. તા.6 સંસ્કારી નગરી વડોદરામાં શિક્ષણના પવિત્ર ધામને કલંકિત કરતી એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. શહેરના આજવા રોડ પર આવેલી રોયલ સ્કૂલમાં ધોરણ-૮ માં અભ્યાસ કરતી એક માસૂમ વિદ્યાર્થિનીની છેડતી થતા સમગ્ર વિસ્તારમાં રોષની જ્વાળા ભભૂકી ઉઠી છે. આઘાતજનક બાબત એ છે કે, આ કૃત્ય કોઈ રોડછાપ આવારા તત્ત્વએ નહીં, પરંતુ શાળામાં જ અભ્યાસ કરતા એક અન્ય વિદ્યાર્થીના પિતાએ કર્યું હોવાનું બહાર આવ્યું છે. ભોગ બનનાર વિદ્યાર્થિનીએ હિંમત દાખવીને સમગ્ર ઘટનાની જાણ પોતાના વાલી અને શિક્ષકોને કરી ત્યારે સત્ય બહાર આવ્યું હતું. વિદ્યાર્થિનીના જણાવ્યા અનુસાર, આરોપી શખ્સ છેલ્લા એક અઠવાડિયાથી સતત તેનો પીછો કરી રહ્યો હતો. શાળાએ આવતા-જતા સમયે તેમજ શાળાના પરિસરમાં નજર રાખીને તે લંપટ પિતા વિદ્યાર્થિનીને માનસિક રીતે પરેશાન કરતો હતો. વિદ્યાર્થિનીની ગંભીર રજૂઆત બાદ શાળાના અધિકારીઓ હરકતમાં આવ્યા હતા અને મામલો ગરમાયો હતો. જેમ જેમ આ વાતની જાણ અન્ય વાલીઓ અને સ્થાનિક રહીશોને થઈ, તેમ તેમ લોકોના ટોળેટોળાં શાળાની બહાર ઉમટી પડ્યા હતા. પોતાની દીકરી સમાન બાળકી પર નજર બગાડનાર તે શખ્સને જોઈને લોકોનો સંયમ ખૂટ્યો હતો. રોષે ભરાયેલા લોકોએ તે વ્યક્તિને શાળાની બહારના ભાગે પકડી પાડ્યો હતો અને જાહેરમાં મેથીપાક ચખાડ્યો હતો. દીકરીઓ ક્યાં સુરક્ષિત ? તેવા સવાલો સાથે લોકોએ સૂત્રોચ્ચાર કર્યા હતા અને આરોપી સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. શાળાના અધિકારીઓને આ બાબતે જાણ થતા તેમણે પ્રાથમિક તપાસ આદરી છે. જોકે, વાલીઓમાં આક્રોશ છે કે એક અઠવાડિયાથી આ



સિલસિલો ચાલતો હોવા છતાં શાળાના સીસીટીવી કે સિક્યુરિટીના ધ્યાને આ બાબત કેમ ન આવી ? હાલમાં આ મામલે કાયદેસરની પોલીસ કાર્યવાહીની દિશામાં ચક્રો ગતિમાન થયા છે. દીકરીઓની સુરક્ષા સાથે બાંધછોડ કરનાર ગમે તેટલો વગદાર હોય, તેને છોડવામાં નહીં આવે. તેઓ વાલીઓનો હુંકાર.